**આપણા જલસાનો મુખ્ય હેતુ તો એ જ છે જે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ બયાન ફરમાવ્યું અને બૈઅતનો ઉદ્દેશ પણ આ બયાન ફરમાવ્યું કે અલ્લાહ અને તેના રસૂલ (સ.અ.વ.) નો પ્રેમ દિલ પર છવાઈ જાય. દિલ પર તો તે સમયે છવાઈ શકે છે જ્યારે આપણે દિલની ગહેરાઈથી આપ (અ.સ.વ.) પર દુરુદ મોકલીએ.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૨૧- ઓગષ્ટ ૨૦૧૫, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

ઈન્શા અલ્લાહ, આજે જુમ્મા પછી જલસા સાલાના શરૂ થઈ રહ્યો છે અર્થાત જલસાના પ્રોગ્રામ પ્રમાણે જે પ્રથમ સેશન શરૂ થવાનો છે પરંતુ જુમ્માની પણ એક અહેમિયત છે આ વાત પણ યાદ રાખવી જોઈએ. માટે આ અહેમિયતને સામે રાખતા આપણે તેનો પણ હક અદા કરવાની કોશીશ કરવી જોઈએ અને આજે જલસાના કારણે આ હકની અદાઈગી માટે અથવા આ હકની અદાઈગીની વચ્ચે જે દુઆઓ કરીએ તેમાં જલસાને બરકતી થવાની દુઆઓ પણ કરતા રહીએ.

જુમ્માની અહેમિયત વિશે હદીસમાં આવે છે કે આંહઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું દિવસોમાંથી સારો દિવસ જુમ્માનો દિવસ છે આ દિવસે મારા પર અધિક દુરુદ મોકલો કારણ કે આ રીતે તમારો આ દુરુદ મારી સામે પેશ કરવામાં આવે છે પછી આંહઝરત (સ.અ.વ.) એ ફરમાવ્યું કે તે દિવસે એક એવો સમય આવે છે જ્યારે મોમિન તે સમયે અલ્લાહ તઆલાથી દુઆ કરતાં જે દુઆ માંગે તે કબુલ કરી લેવામાં આવે છે અને આપએ ફરમાવ્યું કે આ ખુબ નાનો સમય હોય છે. આમ આ જુમ્માની અહેમિયત છે અને જો આપણે આજના દિવસે, આજની ઈબાદત અને ખુત્બો સાંભળવાની વચ્ચે કેમ કે ખુત્બો પણ જુમ્માનો, ઈબાદતનો જ એક ભાગ છે. તેમા તમામ દુઆઓથી વિશેષ જે દુઆ છે તે આ છે કે દુરુદ પઢો ચિંતન કરતા દુરુદ પઢો અલ્લાહુમ્મા સલ્લે અલા મુંહમ્મદ કહી રહ્યા હોઈએ તો તે સમજ અને ચિંતન સાથે કહી રહ્યા હોવ કે હે અલ્લાહ ! આંહઝરત (સ.અ.વ.) ના ઝીકર ને બુલંદ કરીને આપના સુંદર પૈગામ અને તાલીમ ને કામીયાબી અતા કરતાં આપની લાવેલ શરિયત ને વાસ્તવિક રૂપમાં ફરમાવીને તેની પ્રતિષ્ઠા દુનિયા પર સાબિત કરી દે અને અમને તેને ફેલાવવામાં મદદરૂપ થવાની તૌફિક આપીને આપની ઉમ્મત માટે મુકર્રર ઈનઆમોમાંથી ભાગીદાર બનાવી દે. અને જ્યારે આપણે અલ્લાહુમ્મા બારીક અલા મુહમ્મદ કહી રહ્યા હોઈએ તો આ ચિંતન થી કહીએ હે અલ્લાહ અમારી આ પણ દુઆ છે કે તેં આંહઝરત (સ.અ.વ.) ની જે ઈજ્જત અને પ્રતિષ્ઠા તથા મહત્તા અનિવાર્ય કરી છે તેને કાયમ ફરમાવીને દુશ્મનને નુકશાન ઉઠાવનાર બનાવીને તેને અમને પણ જોવાની અને તેનો ભાગ બનવાની તૌફિક અતા કર. જ્યારે આપણે આ નઝારાઓ કામિયાબીના જોઈએ. આંહઝરત (સ.અ.વ.) ની વિરુધ્ધ કરવામાં આવતો દરેક છળ કપટ અને પ્રયત્નો દુશ્મન પર પડે. અને જ્યારે આપણે આજે ભેગા થઈને સામુહિક રીતે દુઆ કરી રહ્યા હશુ તો આ એવી દુઆ છે જે અલ્લાહ તઆલા પાસે ખરેખર પ્રેમ અને કબૂલીયતની દ્રષ્ટિ મેળવે છે અને આપણે તેની કબૂલીયતનો લાભ પણ મેળવીશું અને પછી તેના લાભ થી આપણે ભાગીદાર પણ બનતા જઈએ છીએ.

જ્યારે આપ (સ.અ.વ.) ને તેમના માનનારની આ દુઆઓ પેશ કરવામાં આવે છે. આપ (સ.અ.વ.) પર દુરુદ પેશ કરવામાં આવે છે. તો પછી આપ (સ.અ.વ.) ની દુઆઓના લાભ પણ આપણને મળે છે. અને આ રીતે બરકતોનો એક સિલસિલો શરૂ થાય છે. આપણા જલસાનો મુખ્ય હેતુ તો એ જ છે જે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ બયાન ફરમાવ્યું અને બૈઅતનો ઉદ્દેશ પણ આ બયાન ફરમાવ્યું કે અલ્લાહ અને તેના રસુલ (સ.અ.વ.) નો પ્રેમ દિલ પર છવાઈ જાય દિલ પર પ્રેમ તો તે સમયે છવાઈ શકે છે જ્યારે આપણે દિલની ગહેરાઈથી આપ પર દુરુદ મોકલીએ કેમકે અલ્લાહ તઆલાનો પણ આ હુકમ છે અને પછી પોતાની હાલતોને પણ આ પ્રમાણે ઢાળે અને ઢાળવાની કોશિશ કરે જેનો નમૂનો આંહઝરત (સ.અ.વ.) એ આપણી સામે પેશ ફરમાવ્યું. આપના પ્રેમના કારણે આપ પર દુરુદ અને આપનું અનુસરણ પછી અલ્લાહ તઆલાનો પ્રેમ પણ હાસેલ કરવાવાળો બનાવશે.

જુમ્માની વચ્ચે પણ અને જુમ્મા પછી પણ ખાસ કરીને અને બાકી દિવસોમાં પણ એક તવજ્જો સાથે દુરુદ અને ઝીકરે ઈલાહીમાં પ્રત્યેકને સમય ગુજરવાની કોશિશ કરવી જોઈએ. જેથી અલ્લાહ તઆલા આપણા પર રહેમ ફરમાવીને આપણા વિરોધીઓની તમામ યોજનાઓ તેમના પર ઉલટાવે. પછી આંહઝરત (સ.અ.વ.) ના નમૂનાઓમાં પણ આપણને ઈબાદતના હક્કોના પણ વિશાળ નમૂનાઓ જોવા મળે છે. આના માટે પણ આપણે કોશિશ કરવી જોઈએ કે તેને આપણા પર લાગુ કરીએ.

પછી અલ્લાહ તઆલાએ મોમિનોની આ નિશાની બતાવી છે કે તે એક બીજાને પ્રેમ તથા રહેમ ની ભાવના રાખતા જીવન ગુજારનાર હોય અને તેમાં પણ આપણને આંહઝરત (સ.અ.વ.) ના નમૂનાઓ જે જોવા મળે છે અને જેનો નકશો અલ્લાહ તઆલાએ પણ ખેચ્યો છે કે તમે તકલીફમાં પડો તો તેના પર દુ:ખ થાય છે માટે જે પ્રેમ આપને મોમિનો માટે હતો આપને સહન ન થયુ કે તેમને જરાય પણ તકલીફ પહોંચે મોમિનોને પહોચનાર જરાય તકલીફ પણ આપને બેચેન કરી દેતી હતી આ નમૂના છે જે આપણી સામે મૂકયા છે કે એકબીજાની તકલીફ તમને બેચેન કરનાર હોવી જોઈએ અને આ ત્યારેજ થઈ શકે છે જ્યારે વાસ્તવિકરૂપમાં એકબીજા માટે રહેમ અને પ્રેમની ભાવના હોય.

જલસાના આયોજન કરવાના હેતુમાંથી એક હેતુ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ આ બયાન ફરમાવી કે જમાઅતમાં ભાઈચારાનો સંબધ મજબૂત થશે અને ભાઈચારાનો સંબધ ત્યારે જ મજબૂત થાય જ્યારે નિસ્વાર્થ થઈને એકબીજા માટે બલીદાન કરે એકબીજાની ભાવનાનો ખ્યાલ રાખે. શરૂઆતના જલસાઓમાં જ્યારે હજુ તરબિયતના તે ધોરણો હાસેલ ન થયા હતા જે મસીહ મૌઉદ (અ.સ.) આપણાથી ઈચ્છતા હતા અને કુરબાનીની તે ભાવના ન હતી. બેશક અકીદા પ્રમાણે મજબુતી પૈદા થઈ ગઈ હતી. પરંતુ માહોલના અસર પ્રમાણે ઈબાદત ના હક્કો અને પ્રેમ તથા ભાઈચારાના તે ધોરણો અમલમાં ન આવ્યા હતા જે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) પોતાની જમાઅતમાં પેદા કરવા ઈચ્છતા હતા. તો જ્યારે આપે આ ફરિયાદો સાંભળી કે એકબીજાનો જલસામાં ખ્યાલ નહિ રાખવામાં આવ્યો અને પોતાના આરામને દરેક વ્યકિતએ અથવા અમુક લોકોએ બીજાના આરામ પર પોતાના આરામને પ્રાથમિકતા આપી છે. આપ આ વાત પર ખુબ નારાજ થયા. અને નારાજગીના કારણે એક વર્ષ પછી જલસો પણ ન થયો. આપે ખુબ સખતાઈથી ફરમાવ્યું કે હું સત્ય કહુ છુ કે મનુષ્યનું ઈમાન કદાપિ ઠીક નથી થઈ શકતો જ્યાં સુધી પોતાના આરામ પર પોતાના ભાઈનો આરામ યથાશકિત જરૂરી ન ઠહેરાવે.

માટે આ જુઓ હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના દિલની ભાવના પોતાની જમાતના લોકોમાં ભાઈચારો અને પ્રેમ જોવા માટે. આપ આ વાત પર બેચેન થઈ જતા હતા કે કેમ મારા માનનારાઓ એકબીજાની તકલીફનો એહસાસ નથી કરતા. માટે જલસામાં આવનારને જલસાનો હેતુ પુર્ણ કરવા માટે અલ્લાહ તઆલા અને તેના રસુલ (સ.અ.વ.) નો પ્રેમ પેદા કરવો છે. ત્યાં આપસી પ્રેમ અને ભાઈચારાની ભાવનાને પણ વધારવું છે. પોતાના ધાર્મિક જ્ઞાનમાં પણ વધારો કરવો છે. આપે એક સ્થાને આ કૈફિયતનો જે જલસાનો હેતુ છે અને જે જલસામાં સામેલ થનારમાં પૈદા થશે અથવા થવી જોઈએ. આ રીતે નકશો ખેચ્યો છે અને બયાન ફરમાવ્યું.

યથાશકિત તમામ મિત્રોને ફકત અલ્લાહની વાતો સાંભળવા અને દુઆઓમાં સામેલ થવા માટે આ તારીખે આવી જવું જોઈએ. આ જલસામાં એવા સાચા તથા નેક માર્ગ પર ચાલવાની વાતો સંભળાવવાની વ્યવસ્થા કરવામાં આવશે. જે ઈમાન તથા યકીન અને આધ્યાત્મ ને ઉન્નતિ આપવા માટે જરૂરી છે અને તે મિત્રો માટે વિશેષ દુઆઓ અને વિશેષ ધ્યાન રખાશે. અને યથાશકિત મુજબ અલ્લાહ તઆલાના દરબારમાં પ્રયત્ન કરવામાં આવશે કે ખુદા તઆલા તેમને પોતાની તરફ ખેંચે અને પોતાના માટે કબૂલ પણ કરે અને પવિત્ર પરિવર્તન તેમનામાં બખ્શે. અને એક આરઝી ફાયદો આ પણ થશે કે દરેક નવા વર્ષે જેટલા નવા ભાઈઓ આ જમાઅતમાં દાખલ થશે તે નક્કી કરેલ તારીખમાં હાજર થઈને પોતાના પહેલા ભાઈઓના મોં જોઈ લેશે અને પરિચય સાથે એકબીજાના પ્રેમનો સંબંધ ઉન્નતિ મેળવશે. તમામ ભાઈઓને આધ્યાત્મિક રીતે એક કરવા માટે અને તેમની શુષ્કપણું, દુરી અને કપટને વચ્ચેથી ઉઠાવી દેવા માટે અલ્લાહના દરબારમાં કોશિશ કરવામાં આવશે. આ રૂહાની જલસામાં બીજા ઘણાં બધા રૂહાની લાભો થશે. જે ઈન્શા અલ્લાહુલ અઝીઝ સમયાંતરે જાહેર થતા રહેશે.

માટે આપણે બધાએ આ વાતો પર ધ્યાન આપવુ જોઈએ કે આપણે અહિંયા આ દિવસોમાં જલસાનાં હેતુને પુરા કરવા છે. અને જેવુ કે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ એકબીજા સ્થાને ફરમાવ્યું છે કે દુન્યવી મેળાઓની જેમ મેળો ન સમજવો જેવુ કે આ ફકરાથી સ્પષ્ટ છે. આપણું ધ્યાન તે દિવસોમાં રબ્બાની વાતો સાંભળવા તરફ રહેવી જોઈએ. આપસી મજલીસો અને ગપ્પાઓમાં સમય ન ગુજારવો જોઈએ. ન આપણાં સમયનો અધિક ભાગ બજારોમાં ગુજારીને સમય બરબાદ કરે. આપણો સમય જે જલસાના પ્રોગ્રામો પછી વધે તે ધાર્મિક વાતો અને ઝીકરે ઈલાહીમાં ગુજારે. અથવા બીજા જે પ્રોગ્રામ છે તેમને જુએ. દા.ત. પછી અમુક અહિંયા એવી વસ્તુઓ છે આમ તેમ ફર્યા કરતા સમય બગાડ્યા કરતા અથવા બજારોમાં ફર્યા કરતા જમાઅત તરફથી અમુક કેટલીક વ્યવસ્થાઓ કરેલી છે જેનાથી મનુષ્યને ઈમાન અને યકીનમાં વધારો થાય છે દા.ત. ફોટાઓની નુમાઈશ લગાવેલી છે. એક જમાઅતનો ઈતિહાસ છે તેને જુઓ અને અલ્લાહ તઆલાના ફઝલોને યાદ કરો કે કેવી રીતે અલ્લાહ તઆલા હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની વાતોને પુરી કરતો રહ્યો છે. અને આપને કરેલ વાયદાઓને પુરા કરી રહ્યો છે અને જમાઅતનો પરિચય તથા તબ્લીગ કેવી રીતે દુનિયાના ખુણાં સુધી ફેલાઈ રહી છે ?. પછી ત્યાં શોહદાએ અહેમદીયતના ફોટાઓ છે તેમને જોઈને તેમના દરજાતની બુલંદી અને પોતાના ઈમાનોની મજબૂતી અને તેમના પરિવાર તથા જમાઅતના લોકો માટે દુઆ કરો. અલ્લાહ તઆલા દરેક સ્થાને જમાઅતને દુશ્મનોના ઉપદ્રવ થી સુરક્ષિત રાખે.

પછી પ્રકાશન તરફથી એક સ્ટોલ હોય છે તેનો પણ એક માર્કેટ છે ત્યાં જઈને જે આ વર્ષે પુસ્તક છપાયું છે અથવા

પત્રિકા છે તેને જુઓ જે ખરીદી શકે છે તે ખરીદે પછી પહેલી પત્રિકા જેમની પાસે નથી એ પણ હાસેલ કરવાની કોશિશ કરે. રિવ્યુ ઓફ રિલીજયન્સ એ પણ આ વર્ષે આપણાં ત્યાં તેમનો જે સ્ટોલ છે અથવા જે સ્થાન છે તેને મહત્વ આપ્યુ છે. અને ઈસા (અ.સ.) ના કફન વિશે ત્યાં ખુબ માલુમાત છે. આ વખતે તેને પણ જુઓ અને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની સત્યતા આ વસ્તુઓને જોઈને જે અધિક જાહેર થાય છે તેને આપણા ઈમાનમાં વધારે. તેવી જ રીતે જલસાના જરૂરી પ્રોગ્રામ છતાં બાકી અનેક ભાષોઓમાં પ્રોગામ હોય છે તેનાથી પણ લાભ મેળવવો જોઈએ જે મેળવી શકે છે અથવા મેળવવા ઈચ્છે છે. જલસાના મેઈન પ્રોગ્રામ બાદ આપસમાં પરિચય વગેરે હાસેલ કરવા માટે એકબીજાની મુલાકાત લો. જલસા પછી કેટલાક નવા આવનાર અહેમદી આ વાતને જાહેર કરે છે કે અમારી ભાષા જુદી જુદી હોવા છતાં જ્યારે અમે જુદી જુદી કોમના અહેમદીઓને મળીએ છીએ તો ઈશારાઓની ભાષામાં જ જે મહોબ્બત તથા પ્રેમની ભાવના પેદા થઈ રહી હોય છે અને વધે છે તે એવી ભાવના હોય છે જેને શબ્દોમાં બયાન નથી કરી શકતા.

માટે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ જે આ ફરમાવ્યું છે કે એકબીજાના પ્રેમનો સંબધ ઉન્નતિ મેળવે અને આધ્યાત્મિક રીતે બધા ભાઈઓ એક થાય અને શુષ્કપણું, દુરી તથા કપટ ઉઠાવી દેવા માટે પ્રયત્નો થાય અને તેના માટે દુઆ પણ થાય તો નિઃસ્વાર્થ સંબંધનો ઈઝહાર અને એકબીજા માટે દુઆ એક એવો માહોલ પેદા કરે છે જેનું ઉદાહરણ માત્ર આપણા જલસામાં જ જોવા મળે છે.

માટે પ્રત્યેક એ પ્રયત્નો કરવા જોઈએ કે આ સંબંધ અને પરિચયને હાસેલ કરીએ અને વધારીએ અને માત્ર અલ્લાહ સાથેનો સંબંધ હોય તેવી જ રીતે પ્રત્યેક એ પ્રયત્નો અને દુઆ કરવી જોઈએ. કે તે તમામ રૂહાની ફાયદાઓ જેને હઝરત મસીહ મૌઉદ (અ.સ.) એ સાર્વજનિક રીતે વર્ણન કર્યુ છે કે બીજા ઘણાં બધા ફાયદાઓ તથા લાભો થશે. જ્યાં સુધી આપણી વિચારધારા પહોંચે છે અથવા નથી પહોંચતી અથવા હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ના દિલમાં હતી કે મારા માનનાર ને આ રૂહાની ફાયદાઓ થાય આ બધાથી આપણે ભાગ મેળવનાર થઈએ. આ પણ દુઆ કરવી જોઈએ અને પ્રયત્નો કરવા જોઈએ આપણે પ્રત્યેક એ આ તરફ ધ્યાન આપવાની જરૂર છે. કે એખલાસ સાથે તે બધા પ્રોગ્રામ સાંભળીએ નહીંતર આટલું ખર્ચ કરીને અહીંયા આવવું આપ લોકોનું અને પછી જમાઅતનું પણ આટલુ વધારે ખર્ચ કરવુ આ મોટી વ્યવસ્થાઓ માટે આ બધું વગર લાભનું છે.

માટે જલસામાં આવનાર તમામ મહેમાનોએ જલસામાં હાજર રહેવાના હેતુને સામે રાખે અને અધિક થી અધિક લાભ ઉઠાવવાનો પ્રયત્ન કરે. અલ્લાહ તઆલા આપણને આની તૌફીક આપે તથા વહીવટી શાખાના સંબંધમાં પણ અમુક વાતો તરફ ધ્યાન અપાવવા ઈચ્છુ છુ. વહીવટી શાખા સાથે સહયોગ કરો. વહીવટી શાખા જ્યાં તમારી સેવા માટે છે ત્યાં આપણાં ફાયદા માટે પણ છે. અને જો આપનો સહયોગ રહેશે તો વ્યવસ્થા સારી રીતે ચાલશે. ચાહે તે જલસા સ્થાને બેસાવાની હિદાયત હોય પુરૂષો માટે પણ અને સ્ત્રીઓ માટે પણ નાના બાળકો વાળી સ્ત્રીઓ પણ અથવા ભોજન કરવાના સમયમાં જવાની અને એક પધ્ધતિ સર ભોજન કરવાની હિદાયત હોય તેના પર અમલ કરે. પરંતુ ભોજન આપનાર વહીવટી શાખા જે છે તેમને પણ આ વાતનું ધ્યાન રાખવુ જોઈએ કે અમુક લોકોને પોતાની બિમારીના કારણે અથવા કોઈ મજબુરીના કારણે, અમુક વાર મોડા આવે છે.

તથા નાના બાળકોવાળી સ્ત્રીઓને કોઈ કારણસર ભોજન સમય પછી પણ ભોજન કરવાની જરૂર પડે છે અથવા ભોજન સ્થાને જવુ પડે છે. માટે ત્યાં કોઈ વ્યવસ્થા હંમેશા રહેવી જોઈએ. પરંતુ કેમ કે બજાર તો પછી બંધ હોય છે સાધારણ રીતે મહેમાનોએ ધ્યાન રાખવું જોઈએ કે જલસાના સમયમાં આ વાતનો ખ્યાલ રાખે કે તેને જલસાથી લાભ મેળવવો છે અથવા આ ન વિચારે કે થોડીક છૂટ છે તો વહીવટી શાખાને વગર કારણે હેરાન કરવુ શરૂ કરી દે. સાર્વજનિક પ્રયત્ન કરે કે નાના બાળકોવાળી સ્ત્રીઓ પોતાના બાળકો માટે કોઈ વસ્તુ સાથે લઈને આવે ભોજન હોય અને અલગ થઈ તેમને ભોજન કરાવી દે. તેનુ સ્થાન પણ અલગ છે.

તેવી જ રીતે ટ્રાફિકની વહીવટી શાખા સાથે પણ ભરપુર સહયોગ કરો તેવી જ રીતે સિક્યોરીટી ની સાર્વજનિક વ્યવસ્થા સાથે પણ ભરપુર સહયોગ કરો અને પોતે પણ હોંશિયારીથી દરેક અહેમદીએ આપણી આ પણ ખુબ મોટી સિક્યોરીટીની વ્યવસ્થા છે. ડાબે જમણે પોતાની નજર રાખવી જોઈએ. દુનિયાની હાલત પણ એવી છે અને જમાઅતની પ્રગતિથી ઈર્ષા કરનારની દુષ્ટતામાં પણ તેજી આવી છે અને વધારો પણ થઈ રહ્યો છે. માટે તેનો ખ્યાલ રાખવો ખુબ જરૂરી છે અને સૌથી વધારે તો ઈર્ષાળુની ઈર્ષા અને દુષ્ટતાના દ્વેષથી બચવા માટે ખુબ દુઆઓ કરો. આ દિવસોમાં જેવુ કે મેં પહેલા પણ કહી દીધુ છે અલ્લાહ તઆલા દરેક રીતે જલસાને બરકતી બનાવે. જલસાના પ્રોગ્રામ પણ દરેકને આપવામાં આવે છે. તેમાં બાકી હિદાયતો લખેલી છે તેને ધ્યાનથી વાંચો અને અમલ કરો.

ખુત્બા જુમ્માના અંતમાં હઝુર અનવરએ ઈકરામુલ્લાહ સાહેબ પિતા કરીમુલ્લાહ સાહેબ ઓફ તોનસા શરીફ ડેરા ગાઝી ખાન જેમને વિરોધીઓએ તા. ૧૯ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ શહીદ કરી દીધા હતા. તેમનું સારૂ વર્ણન ફરમાવતા તેમના સદગુણો અને સેવાઓનું વર્ણન ફરમાવ્યું અને તેમના પરિવારજનોને પણ ધૈર્ય અતા થવા માટે દુઆનો પ્રસ્તાવ મુક્યો.

બીજો જનાઝો મુકર્રમ પ્રોફેસર ચૌધરી મુહમ્મદ અલી સાહેબ એમ.એ. નો છે જે આજકાલ વકીલ તસ્નીફ તહેરીક એ જદીદ હતા. ૧૪ ઓગષ્ટ ૨૦૧૫ના રોજ તેમનું અવસાન થયું હતું તેમનો જન્મ ૧૯૧૭નું છે. હઝુર અનવરે તેમના જીવનની લાંબી સેવાઓનું વર્ણન ફરમાવ્યું. અને તેમની મગફિરત બુલંદી દરજાત માટે દુઆ કરી અને ફરમાવ્યું એમના જેવા સદભાવક, વફાદાર અને ખિલાફતના પ્રેમી અલ્લાહ તઆલા જમાઅતને હંમેશા અતા કરતો રહે. આમીન....

**Khulasa Khutba Jumma Huzoor Anwar 21th August 2015**

**BOOK POST (PRINTED MATTER)**

**To,** ______________________________

______________________________

**Ahmadiyya Muslim Community.**
**From : Office Masroor Manzil, Al-Aman Society, Narol, Ahmedabad-382405, Gujarat.**